### ૧ જાન્યુ.૨૦૦૬ પહેલા નિવૃત્ત થનાર ગ્રાન્ટીનેડ

# નિવૃત્ત કોલેજના પેન્શનરોને લાખોની લોટરી

ગાંધીનગર, તા. ૬

જાન્યુઆરી ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા સરકારી બિન સરકારી ગ્રાન્ટીનેડ કોલેજોના અધ્યાપકોના સાત વર્ષ જૂના પેન્શન સુધારણા પ્રશ્ન બાબતે ગુજરાત હાઈકોર્ટે સોમવારે ચૂકાદો આપ્યો હતો. જેમાં અસંખ્ય પેન્શનરોને લાખો રૂપિયાની લોટરી લાગી ગઈ છે. આ ચુકાદાના પગલે તમામ પેન્શનરોને ૮ થી ૧૦ લાખ રૂપિયા સુધીનું એરીયર્સ મળવાપાત્ર થશે.


યુજીસી દ્વારા તા. ૧ જાન્યુઆરી ૨૦૦૬થી અધ્યાપકોના પગાર ધોરણો સુધારાતા તા. ૧ જાન્યુઆરી ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા પેન્શનરોના પેન્શન સુધારણાનો પ્રશ્ન છેલ્લા સાત વર્ષથી અનેક વિવાદો વચ્ચે અટવાયો હતો. આ મુદ્દે સૂચિત પગાર ધોરણો હેઠળ જે અધ્યાપકો તા. ૧ જાન્યુ. ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા હોય તેઓને ખાસ સિલેક્શન ગ્રેડ મળવાપાત્ર થતા હતો.

સરકારના શિક્ષણ વિભાગ અને વિવિધ પેન્શનરોના મંડળો વચ્ચે વિવાદ થતા આ સમગ્ર બાબત ગુજરાત હાઈકોર્ટમાં પહોંચી હતી. જેમાં પેન્શનર મંડળોના સભ્યો ૨૦૦ જેટલા પેન્શનરોના ફેવરમા હાઈકોર્ટે ચૂકાદો આપ્યો હતો. પરિણામે ગુજરાત સરકારે સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરતા સુપ્રિમ કોર્ટે સરકારની આ અપીલને ફગાવી ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાનો અમલ કરવાનો આદેશ આપ્યો હતો.

ચૂકાદાના અમલીકરણ બાબતે વિસંવાદ ઉભો થતા અમલીકરણમાં વિલંબ થતાં વિવિધ મંડળોએ ગુજરાત હાઈકોર્ટમાં અવગણા બાબતે અપીલ કરતા ૫મી માર્ચે હાઈકોર્ટે આ ચૂકાદાનો અમલ વધુમાં વધુ ચાર માસમાં અમલ કરી તમામ નિવૃત્ત થયા હોય તેવા વધારાના પેન્શનરોના તફાવત અને પેન્શન સુધારી આપવાના હુકમો કરાતા પેન્શનરોમાં આનંદ છવાયો છે. આ ચૂકાદાનો અમલ થતા પેન્શનરોને ૮ થી ૧૦ લાખ રૂપિયા જેટલુ એરીયર્સ અને પેન્શનમાં દર માસે પંદરથી વીસ હજાર જેટલો વધારો થવા પામ્યો છે.

કોર્ટના ચૂકાદા અને તેના અમલીકરણ બાબતે અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કોલેજ પેન્શનર સમાજના સભ્ય પ્રા. ઈન્દુભાઈ ભટ્ટે જણાવ્યુ હતુ કે મને લગભગ ૧૦ લાખ જેટલુ એરીયર્સ મળવાપાત્ર થાય છે. આથી હુ મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. ૫૦ હજારનો ફાળો તેમજ મારા વતનની શાળાના ઓરડા અને અન્ય સુવીધા પાછળ ખર્ચ કરવામાં આવશે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




કહી દઉં છું... અમને આટલું બધુ હસાવો નહી... પછી ભવિષ્યમાં તમારે અમને જીતાડવાની જરૂર પડશે ત્યારે પસ્તાશો...!!!

# માણસામાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘની ૨૭મી રાજ્ય રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ગાંધીનગરના માણસા ખાતે ૨૭મી રાજ્યરેલીનું આયોજન કરવામાં રહેશે. ૯મી માર્ચે સવારે ૯.૩૦ કલાકે રાજ્યરેલી ઉદ્દ્ઘાટન સમારોહમાં ઉદ્દ્ઘાટક પદે રાજ્યપાલ ઓ.પી. કોહલી મુખ્ય મહેમાન પદે, સભ્ય ભારદ્વાજ એમ.આઈ. જોષી હાજર રહેશે.

૧૦મી માર્ચે યોજાનાર નગરયાત્રા કાર્યક્રમમાં ઉદ્દ્ઘાટક પદે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે



આવ્યું છે. જેમાં કેમ્પ ફાયર, સહિતના વિવિધ કાર્યક્રમ યોજાશે.

૨૭મી રાજ્ય રેલી અંતર્ગત ૮ થી ૧૧ માર્ચ ૨૦૧૮ દરમિયાન જુદા જુદા કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. ૮મી માર્ચ વિશ્વ મહિલા દિને રાત્રે ૮ કલાકે રાજ્યરેલી કેમ્પફાયરના ઉદ્દ્ઘાટક પદે પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મુખ્ય મહેમાન પદે મંત્રી ગણપત વસાવા અને વિભાવરીબેન દવે ઉપસ્થિત અને પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરી હાજર રહેશે.

બાદમાં પ્રદર્શન કાર્યક્રમના ઉદ્દ્ઘાટક પદે સમદર્શન આશ્રમ ગાંધીનગરના પૂજ્ય ગુરૂમા રામાનંદ સરસ્વતીજી, મુખ્ય મહેમાન પદે મેયર પ્રવીણ પટેલ, જ્યારે સ્કાઉટ વિભાગ રાજ્યરેલી કેમ્પ ફાયરના ઉદ્દ્ઘાટક પદે મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મુખ્ય મહેમાન પદે તેજસ દવે, અતિથિપદે એસ. મિસણ, ડૉ. જાગૃતિબેન પંડ્યા, પિજંટ શૉ માં ઉદ્દ્ઘાટક પદે સીમા ગોવિંદજી રહેશે. આ રાજ્યરેલીમાં બાળકોના આકર્ષણ રૂપે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૪૦ ફૂટના શિવલીંગની પ્રતિકૃતિ અને આશરે ૨૨ ફૂટનું સ્વચ્છ ભારત અભિયાનનો સેલ્ફી પોઈન્ટ રાખવામાં આવ્યો છે. તેમ રેલી કો. ઓડિનેટર દિનેશ વ્યાસ અને સ્ટેટ સેક્રેટરી મનિષકુમાર મહેતાએ જણાવ્યુ છે.

# ૨૦મીએ ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ માટે ૨૦મી માર્ચે ચૂંટણી યોજાશે. જેથી રાજકીય પક્ષોમાં ચહલપહલ તેજ બની ગઈ છે અને ઉમેદવારોએ રાજકીય સમીકરણ ગોઠવી રહ્યા છે.

૨૦મી માર્ચે ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખને લઈ ચૂંટણી યોજાશે. ચૂંટણી અગાઉ ૧૯મી માર્ચેબપોરે ૧૨ વાગ્યા સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે. આ સાથે જ ફોર્મની તપાસણી અને પાછુ ખેંચવાની પ્રક્રિયા પણ એ સમય બાદ હાથ ધરાશે. પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયતના સભાખંડમાં આ અંગેની બેઠક યોજાશે.



ચિલોડા હાઈવે પરથી ગેરકાયદે કપચીઓ ભરીને લઈ જવાઈ રહેલા ચાર ડમ્પરને તંત્રએ પકડીને ચિલોડા પોલિસ સ્ટેશનમાં જપ્ત કરેલા ચારેય ડમ્પર મુકી કાયેદસરની કાર્યવાહી કરી હતી.

# શનિવારે એલિઝાબેથ કોશીના પુસ્તકનું વિમોચન યોજાશે

ગાંધીનગર, તા. ૬

સેકટર-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ૧૦મી માર્ચને શનિવારે સાંજે ૫ કલાકે પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરની ચૈતન્ય શાળાના સ્થાપક અને સંચાલક એલિઝાબેથ કોશીના પુસ્તક 'પલીમ્પસેન્ટ'નું વિમોચન પ્રફુલ અનુભાઈ દ્વારા કરવામાં આવશે. ટાઉનહોલ ખાતે વિમોચિત થનારૂ પુસ્તક 'પલીમ્પસેસ્ટ' શેરીમાંના પુરૂષ તથા એક મહિલાની કથા છે. આ પુસ્તકમાં લેખિકાની લાક્ષણિક શૈલી વાંચકોમાં વિવિધ પ્રકારના લાગણીઓ ઉત્પન્ન કરવા સક્ષમ બની રહેશે. પુસ્તકના લેખિકા એલિઝાબેથ કોશી બાળકમાં રહેલા બાળપણના વિચારને પ્રોત્સાહિત કરે છે તેમજ શિક્ષણના વ્યાપારીકરણના વિરોધી છે. તેઓ ગાંધીનગર પુસ્તક મંડળીના સહસ્થાપક છે. શનિવારે યોજાનારા પુસ્તક વિમોચન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પુસ્તક રસિકો ઉપસ્થિત રહેશે.

# ટ્રકના ચાલકે ટ્રાફિક શાખાના એએસઆઈને ઉડાવતા મોત

અમદાવાદ,તા. ૬

શહેરના જૂહાપુરા વિસ્તારમાં ફતેહવાડી ચાર રસ્તા પાસે માંતેલા સાંઢની જેમ પૂરપાટઝડપે આવેલી એક આઈશર ટ્રકે આજે બાઈક પર જઈ રહેલા ટ્રાફિક શાખાના એએસઆઈને જોરદાર ટકકર મારી ઉડાવ્યા હતા. ટ્રકની ટક્કરથી ગંભીર ઈજાઓ પામેલા એએસઆઈનું હેલ્મેટ પહેર્યું હોવાછતાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. ટ્રાફિક શાખાના એએસઆઈના કરૂણ મોતના સમાચારને પગલે શહેર ટ્રાફિક પોલીસ બેડામાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. અકસ્માતના આ બનાવ અંગે વેજલપુર પોલીસ અને ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. બીજીબાજુ, એએસઆઈને ઉડાવી ફરાર થઈ જનાર આરોપી ટ્રક ચાલકને પકડવાના ચક્રો પણ પોલીસે ગતિમાન કર્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેરના એમ ડિવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતાં પ્રવીણભાઈ ચૌધરી આજે બપોરે જૂહાપુરા વિસ્તારના ફતેહવાડી ચાર રસ્તા પાસેથી પોતાની પલ્સર બાઈક પર પસાર થઈ રહ્યા હતા. એએસઆઈએ બાઈક ચલાવતી વખતે કાયદાનુસાર હેલ્મેટ પણ પહેરેલું હતુ. એ વખતે અચાનક માંતેલા સાંઢની જેમ પૂરપાટઝડપે આવેલી આઈશર ટ્રકના ચાલકે પોતાનું વાહન બેદરકારીભરી રીતે અને ગફલતભરી રીતે હંકારી એએસઆઈને જોરદાર ટક્કર મારી ઉડાવ્યા હતા. ટ્રકની જબરદસ્ત ટકકરથી એએસઆઈ બાઈક સાથે જમીન પર ઘસડાયા હતા અને ટ્રકના પાછલા વ્હીલમાં તેમનું માથું આવી જતાં હેલ્મેટ પહેર્યું હોવાછતાં ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું કરૂણ મોત નીપજયું હતું. અકસ્માતને પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.

## જાગૃત નાગરિક પરિષદ દ્વારા ધો-૧૦ ૧૨ના પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા ધોરણ-૧૦ તથા ૧૨ના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. વિશેષમાં કેટલાક અગત્યના સુચનો જણાવેલ છે. જેમ કે પરીક્ષા કેન્દ્રની એક દિવસ પહેલાં અવશ્ય મુલાકાત કરવી, પરીક્ષા આપવા જતી વખતે વડીલોના શુભાશિષ મેળવવા, પરીક્ષા કેન્દ્ર પર વાહન ઉપર જાવ ત્યારે વાહન શાંતિથી ધીરેથી ચલાવવું, પેન-પેન્સિલ-રબર-સ્કેલ અને ખાસ તો પરીક્ષાની રીસીપ્ટ જતાં પહેલા ચોકકસ ચકાસી લેવી, ગભરાટ વિના પરીક્ષા આપવી, મગજ તથા શારિરીક શાંતિ રાખવી, પરીક્ષાની તૈયારી કરી હોય તેમાં પૂર્ણ વિશ્વાસ રાખવો. પરીક્ષા સમયે કોઈ પણ સંજોગોમાં કોપી ન કરવી, કોઈની સાથે ઝઘડો, દલીલો કરવી નહિ. જવાબ લખમાં ધ્યાન કેન્દ્રીત કરવું, સહેલા પ્રશ્નોના જવાબ પ્રથમ લખવા. આટલું ધ્યાન રાખવાથી ઝળહળતી સફળતા અચુક મળશે તેમજ મહામત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવી શુભેચ્છાઓ પાઠવી છે.

# અમદાવાદ વણકર સેવા સમાજ જીવનસાથી પસંદગી મેળા જોગ

ગાંધીનગર, તા. ૬

અમદાવાદ વણકર સેવા સમાજના ઉપક્રમે વણકર જ્ઞાતિના તમામ ગોળ-પરગણાનાં યુવક-યુવતીઓને તેમના અનુરૂપ જીવનસાથી મળી રહે તેવા આશયથી સંસ્થા દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સામાજીક કાર્યક્રમમાં લગ્ન, પુનઃ લગ્ન કરવા ઈચ્છતા તેમજ શારીરિક અપંગતા ધરાવતા તથા વિધવા-વિધુર ઉમેદવારો અરજી કરી શકશે. પસંદગી મેળામાં ઉંમરનો કોઈ બાધ રાખવામાં આવ્યો નથી. પસંદગી મેળામાં ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા યુવક-યુવતીઓએ અરજી ફોર્મ સાથે ૨૫૦ જમા કરાવવાના રહેશે. અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી માર્ચ રાખવામાં આવી હોવાથી વહેલી તકે ફોર્મ સંસ્થાના કાર્યાલય ખાતે જમા કરાવી શકાશે. વધુ માહિતી માટે સંસ્થાના ગાંધીનગરના સભ્યો ડી.એમ. પરમાર - ૯૫૭૪૧૨૨૦૨૩ અને અજીત પરમાર - ૯૮૨૪૪૩૬૧૩૯નો સંપર્ક કરી શકાશે.



**એનઆઈસીએમના વિદ્યાર્થીઓએ હિરામણી સાંધ્યજીવન કુટીરની મુલાકાત લીધી**

ગાંધીનગર શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમાન ચ-૦ ખાતે આવેલ શ્રી જયરામ પટેલ ઈન્ટિટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ તાજેતરમાં અમદાવાદમાં આવેલ હિરામણી સાંધ્યજીવન કુટીરની મુલાકાત લીધી હતી. પ્રો કલગી શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વડીલોના મનોરંજન માટે વિવિધ પ્રવૃતિઓ યોજી હતી. વિદ્યાર્થીઓ સવાર થી સાંજ સુધી રોકાયા હતા. જેમાં હાઉસી, પાર્સીંગ ધ બોલ, અંતાક્ષરી, ગરબાના કાર્યક્રમ યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓ સાથે વડીલોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એનઆઈસીએમ ઈન્સ્ટિટયુટના ડાયરેકટર ડો. બી.કે. નિર્મલના મત મુજબ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોજાતા આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓને સામાજીક જવાબદારીનું મુલ્ય સમજાવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એનઆઈસીએમના પ્રોફેસર યશ ભટ્ટે ભારે જહેમત ઉઠાવી હતી.

# ચા-નાસ્તાની "બેટીંગ"માટે ફુલ નાઈટ ચાલુ રહેતા કેટલાક સ્પોટ

### જે પાટનગરમાં રાત્રે ૧૧ના ટકોરે દુકાનોના શટરો ટપોટપ પડી જતા હતા, અત્યારે કેટલાક સ્પોટ પર રાત્રી બજાર જેવો માહોલ જોવા મળે છે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર પણ હવે રાત્રીના સમયે મેગા સીટી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરનો પણ રોકેટગતિએ વિકાસ થવા પામ્યો છે. લાખો નાગરીકો શહેરમાં વસવાટ કરે છે. પહેલા કર્મચારી નગરી તરીકે ગાંધીનગરની ઓળખ હતી તે ધીમે ધીમે ભુસાતી જાય છે. હવે શહેર શિક્ષણનું ધામ બની ગયું છે. વિદ્યાર્થીઓ તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરતા હજજારો ઉમેદવારો શહેરમાં વસવાટ કરે છે. જેને પગલે વેપાર-ધંધામાં પણ તેજી જોવા મળી છે. પહેલા ગાંધીનગર શહેરમાં રાત્રીના ૯ પછી કોઈ મહેમાન આવે તો પણ બહાર હોટલમાં જમવાનું ન મળે તેવી સ્થિતિ સર્જાતી હતી. ત્યારે અત્યારે હાલના સમયે નગરમાં રાત્રીના બજારો ધમધમે છે. ચા-નાસ્તાની દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, સહિતનું બજાર ખુલ્લુ રહેતા શહેરનો નજારો બદલાઈ જવા પામ્યો છે. જેમાં સરગાસણ ચોકડી, રીલાયન્સ ચોકડી, ઘ-૩ પથિકાશ્રમ, સિવિલ કેન્ટીન, સે-૨૫ જીઆઈડીસી, લાયબ્રેરી સે-૧૭, ઘ-૪, સહિત ઈન્ફોસીટી વિસ્તારમાં રાત્રી બજાર યુવાવર્ગથી ઉભરાય છે. આ વેપાર ધંધાને પગલે કેટલાક નાના વેપારીઓના ઘર નભે છે. હાઈફાઈ વિસ્તારમાં કેટલીક ચાની દુકાનો પ્રખ્યાત હોવાથી યુવાવર્ગ ચાની ચુસકી મારવા મોડીરાતે ત્યાં જતા હોય છે. જેમાં મોટાભાગે સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવાનોનો સમાવેશ થાય છે. જયારે શહેરના ચાના શોખીન નગરજનો ચા ની ચુસકી મારવા માટે રાત્રીના સમયે ખુલ્લા રહેતા પ્રખ્યાત સ્પોટ પર જાય છે. જેમાં ચા ની સાથે વિવિધ નાસ્તાની પણ બોલબાલા જોવા મળે છે. શહેર સાંજ ઢળતા જ સુમસામ થઈ જતુ હતું તેવી ઓળખ નાગરીકોમાં હતી તે ધીમે ધીમે હાલના સમયે ભુસાતી જાય છે. શહેરમાં અન્ય શહેરોની પણ કેટલીક પ્રખ્યાત બ્રાન્ડ આવી પહોંચી છે. જયારે ન્યું ગાંધીનગર વિસ્તારમાં રાત્રીના અનેરો માહોલ જોવા મળે છે. જયારે રાત્રીના સમયે ધમધમતા બજારથી વેપારીઓને પણ ફાયદારુપ રહે છે.

# ચંદ્રાલામાં આપઘાત કરી લેનાર પરિણીતાના પતિ-સસરા સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૬

ચિલોડા નજીક આવેલા ચંદ્રાલા ગામમાં ત્રણ દિવસ પહેલા પરિણીતાએ પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો. મૃતક પરીણિતાના ભાઈએ ચિલોડા પોલિસ સ્ટેશનમાં મૃતકના પતિ અને સસરા સામે ફરિયાદ નોંધાવી છે. પતિ અને સસરાના ત્રાસથી કંટાળીને પરિણીતાએ આપઘાત કરી લીધો હોવાની ફરિયાદને પગલે ચિલોડા પોલિસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ચંદ્રાલા ગામની ૩૪ વર્ષીય પરિણીતા આશાબેને ત્રણ દિવસ પહેલા પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ મૃતક આશાબેનના નવા નરોડા ખાતે રહેતા ભાઈ રાજુભાઈ અંબાલાલ પટેલે ચિલોડા પોલિસ સ્ટેશનમાં પતિ જયદિપ દશરથભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે. લગ્ન થયા ત્યાર બાદ દિકરી આવ્યા પછી ત્રાસ શરુ થયો હોવાનો અને અગાઉ ગુમરાહ કરી છુટાછેડાના કાગળો ઉપર સહીઓ કરાવી લીધા બાદ સમાધાન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રાજુભાઈની ફરિયાદ આધારે ચિલોડા પોલિસે પતિ જયદિપ પટેલ અને સસરા દશરથભાઈ પટેલ સામે ગુનો દાખલ કરી ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.



**આલમપુર ગામે ગ્રામ સમિતિ દ્વારા નિઃશુલ્ક બ્લડ ચેક અપ કેમ્પ યોજાયો**

ગાંધીનગર તાલુકાના આલમપુર પ્રાથમિક શાળા ખાતે ગ્રામ સમિતિ અને ક્ષત્રિય ઠાકોર સેનાના સંયુકત ઉપક્રમે, બ્લડ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં કલ્પ સેવા પરિવાર તરફથી વજન, સુગર, બીપી વગેરેનું ચેક અપ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના ૧૯૦થી વધુ લાભાર્થીઓએ કેમ્પનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ગામ સમિતિના પ્રમુખ ટીનાજી સોલંકી, ઉપપ્રમુખ મહેશ આર. સોલંકી તેમજ વનરાજસિંહ સોલંકી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાંધેજાની જે.એસ. પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ

રાંધેજા સ્થિત જે.એસ. પટેલ વિદ્યામંદિરના ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભમાં શાળાના આચાર્ય શૈલેષ પટેલ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત, કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કેળવણી મંડળના પ્રમુખ નટુભાઈ પટેલ, મિતેષ પટેલ તથા રમણ પટેલે વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહીને પરીક્ષા આપવા માટે સલાહ આપી હતી. સમારંભમાં જગદીશ પટેલ તરફથી ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષા ઉપયોગી કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં વિવિધ સરકારી ભરતીઓની જાહેરાત ન થતા નોકરી વાચ્છુકો હતાશ

### લાંબા સમયથી નોકરીની તૈયારીઓ કરતા યુવાનો ચિંતીત બન્યા છે

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ સતત નિવૃત્ત થઈ રહ્યા છે. જરૂરીયાત મુજબના સનદી અધિકારીઓથી લઈ વર્ગ ચાર સુધીના કર્મચારીઓની સતત ઘટ દેખાઈ રહી છે. તેમ છતાં પણ રાજ્ય સરકાર કચેરીઓમાં ઘટ દૂર કરવા નોકરીવાચ્છુક યુવાનોને વારંવાર ભરતી અંગેની લોલીપોપ આપી રહ્યા છે. પરિણામે લાંબા સમયથી સરકારી ભરતીની તૈયારી કરતા અને સરકારી નોકરીની કાગડોળે રાહ જોતા યુવાનો પરેશાન થઈ ઉઠ્યા છે અને સરકાર નિવૃત્ત થનાર કર્મચારીઓની સામે યોગ્ય પુર્ણ જગ્યાઓ ભરવા તુરંત ભરતી પ્રક્રિયા હાથ ધરી જાહેરાત પ્રસિદ્ધ કરે તેવી માંગણી નોકરીવાચ્છુક યુવાનો કરી રહ્યા છે.

રાજ્ય સરકારમાં વિવિધ વિભાગોમાં કામ કરતા કર્મચારીઓ દર વર્ષે મોટી સંખ્યામાં નિવૃત્ત થઈ રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર આ નિવૃત્ત કર્મચારીઓની ઘટતી જતી સંખ્યાને ભરવા વારંવાર નિષ્ફળ થઈ રહી છે. દર વર્ષે હજારોની સંખ્યામાં નિવૃત્ત થતા કર્મચારીઓની સામે બે-ત્રણ વર્ષે માંડ-૩૦૦ થી ૫૦૦ જેટલી જગ્યાઓ માટે જાહેરાત કરે છે જે સમયસર પૂર્ણ પણ નહી થતી અને કોર્ટમાં ફસાઈ જાય છે. તે આ યુવાનો માટે ચિંતાની બાબત છે.

છેલ્લા એક વર્ષથી લાખોની સંખ્યામાં સરકારી નોકરીની તૈયારીઓ કરતા યુવાનો ભરતી ન થતા હતાશ થઈ ગયા છે. ગત ફેબ્રુઆરી ૨૦૧૭ પછી રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓની ઘટ છતા કોઈ પણ પ્રકારની મોટી ભરતીની જાહેરાત કરાઈ નથી. જ્યારે દર વર્ષે નોકરી વાચ્છુક યુવાનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. પરિણામે યુવા બેરોજગાર લાચાર બની રહ્યા છે.

૨૦૧૭ ફેબ્રુઆરી પછી વારંવાર સરકારે સરકારમાં મોટા પાયે ભરતી કરવા એંધાણો આપ્યા હતા પરંતુ ચૂંટણી અને સરકારી કામકાજ વચ્ચે ભરતી પ્રક્રિયાની ફાઈલો કયા કોથળાઓમાં પુરાઈ ગઈ છે એ ખબર નથી પડતી. બજેટમાં જાહેરાતો બહુ મોટી મોટી થાય છે પરંતુ ભરતી પ્રક્રિયા કરવામાં કોઈને રસ નથી તે સ્પષ્ટ સરકારની આ વૃત્તિથી નજરે પડે છે.

છેલ્લા ઘણા સમયથી સરકારમાં કોઈ મોટી સરકારી ભરતીની જાહેરાત ન થતા યુવાનો પરેશાન થઈ ગયા છે અને સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે અને સરકારે બજેટમાં જે ખાલી જગ્યાઓ ભરવા જાહેરાત કરી છે તેના પર વિશેષ ધ્યાન આપી ભરતી પ્રક્રિયા કરાવે તેવી માંગ કરી રહ્યા છે. ગુજરાતના નોકરી વાચ્છુક યુવાનો માટે ગાંધીનગર સમાચાર વિશેષ જોબ સિરીઝ ચલાવવા જઈ રહ્યુ છે.